ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# હેલીપેડ ખાતે ''ડ્રાઈવ થ્રુ વેક્સિનેશન'' માટે લાંબી કતારો લાગી..!!







**વેક્સિનેશનનો સમય ૯ થી ૧ જ હોવાથી વહેલી સવારથી શહેરીજનો લાઈનમાં લાગી ગયા : ૪૫ વર્ષથી ઉપરના ૨૯૭ લાભાર્થીઓને રસી અપાઈ : રવિવારે પણ ડ્રાઈવ થ્રુ વેક્સિનેશન ચાલુ રહેશે**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં આજે સેક્ટર-૧૭માં હેલીપેડ ગ્રાઉન્ડ પરના એક્ઝિબીશન હોલ ખાતે ''ડ્રાઈવ થ્રુ વેક્સિનેશન''નો પ્રારંભ કરાયો હતો. સવારે ૯ વાગે શરૂ થનારા આ વેક્સિનેશન કાર્યક્રમ માટે વહેલી સવારથી જ ખૂબ લાંબી લાઈનો લાગી જવા પામી હતી અને બપોરે ૧ કલાકે જ્યારે વેક્સિનેશન પુરૂ કરાયું ત્યાં સુધીમાં ૪૫ કે તેથી વધુ વયના કુલ ૨૯૭ લાભાર્થીઓને રસી આપવામાં આવી હતી. ડ્રાઈવ થ્રુ વેક્સિનેશન રવિવારે પણ સવારે ૯ થી બપોરના ૧ સુધી ચાલુ રહેશે.

સેક્ટર-૧૭ના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે વેક્સિનેશન હોલમાં ગેટ નં. ૯ પરથી વેક્સિનેશન માટે પ્રવેશ આપવામાં આવ્યો હતો. અહીં વહેલી સવારથી જ શહેરીજનોએ પોતાની કાર સાથે લાંબી લાઈનો લગાડી હતી જે એક તબક્કે 'ચ' રોડ પર બીએસએનએલ ક્રોસ રોડ સુધી પહોંચવા પામી હતી. મનપા દ્વારા હાથ ધરવામાં આવેલા આ વેક્સિનેશનને અત્યંત પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો અને નાગરિકોએ શિસ્તપૂર્વક વાહનોની હારમાળામાં સંયમ જાળવી રસી મેળવી હતી. ડ્રાઈવ થ્રુ વેક્સિનેશનમાં ૪૫ વર્ષ કે તેથી વધુ વયના નાગરિકોને જ રસી આપવામાં આવી હતી જેમાં કુલ ૨૯૭ લાભાર્થીઓએ રસી પ્રાપ્ત કરી હતી. અહીં રસી લીધા બાદ લાભાર્થી ત્રીસ મિનિટ સુધી ઓબ્ઝર્વેશનમાં રહી શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી તથા ઈમર્જન્સીને પહોંચી વળવા એક એમ્બ્યુલન્સ સાથે ડૉક્ટર સહિતની ટીમને સ્ટેડબાય તૈયાર રાખવામાં આવી હતી.

# ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના ૧૬૦, શહેરમાં ૧૨૪ : જિલ્લામાં ૨૮૪ કેસ

**કલોલમાં એક જ દિવસમાં ૭૦ કેસ; માણસામાં ૧૧ માસની દિકરી સંક્રમિત : ગાંધીનગર શહેરમાં ૧૦ થી ઓછી આયુ ધરાવતા ૪ બાળકો સંક્રમિત થયેલા મળી આવ્યા : ગાંધીનગરમાં ૩૧, દહેગામમાં ૨૨, માણસામાં ૩૭ કેસ નોંધાયા : શહેરમાં સે. ૨૯ માંથી ૯, સે. ૨ માં ૮, સે. ૩ માં ૭, સે. ૫, ૧૭, ૩૦, કુડાસણમાં ૬-૬ કેસ, સે. ૮ અને ૨૪ માંથી ૫-૫, રાયસણ, સરગાસણ, સુઘડ, સે. ૧૩, ૧૯, ૨૧, ૨૭ માંથી ૪-૪ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો છે. જો કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયુ છે તો શહેરમાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે ત્રણ દિવસથી કેસો ઘટી રહ્યા છે.

જિલ્લામાં આજે ૨૮૪ કેસ નોંધાયા છે જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૦ કેસ અને શહેરમાં ૧૨૪ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણ સ્થિર થયુ છે પરંતુ કલોલ, માણસામાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં કેસો વધવાની ભીતિ આજે રાજ્ય સરકારના એક ઉચ્ચ અધિકારીએ પણ સેવી છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૬૦ કેસમાં દહેગામમાં ૨૨, કલોલમાં ૭૦, માણસામાં ૩૭, ગાંધીનગરમાં ૩૧ કેસનો સમાવેશ થાય છે. કલોલ તાલુકામાં આજે નોંધાયેલા ઉછાળાથી તંત્રમાં પણ હડકંપ મચી જવા પામ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૪ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

માણસા અર્બનમાંથી આજે ૧૧ માસની બાળકી કોરોના સંક્રમિત થયેલી મળી આવી છે. માણસામાં નાના બાળકો સંક્રમિત થયેલા વધુ મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે. જિલ્લામાં આજે ૧૭ દર્દીઓની આયુ ૨૦ થી ઓછી વય ધરાવતા છે. જિલ્લામાં બાળકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ વાલી વર્ગમાં પણ ફફડાટ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૬૨ મહિલા, ૧૭ ખેડૂત, ૧૮ વિદ્યાર્થી, મજૂરી કામ કરતા લોકો, ખાનગી નોકરીયાતો સંક્રમિત થયેલા જોવા મળ્યા છે. મોટીવયના દર્દીઓ સંક્રમિત થયા છે. પરિવારોમાં મહિલા અને બાળકો વધુ સંક્રમિત થયા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

દહેગામ તાલુકામાં આજે ૨૨ કોરોનાના કેસો મળી આવ્યા છે. જેમાં તાલુકાના ગ્રામ્ય વિસ્તાર ખાનપુરમાંથી ૭, પીપળજ અને રખિયાલમાંથી ૩-૩, લિહોડા અને વડવાસામાંથી ૨-૨ કેસ તેમજ ડેમાલીયા, નવા થાંબલિયા, સામેત્રી, સાંપા, સુજાના મુવાડા ગામેથી કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કેસોની સંખ્યા ઘટી છે પણ જે ગામોમાં કેસો મળ્યા છે તે ચિંતાજનક રીતે વધી રહ્યા છે એટલુ જ નહિ નવા વિસ્તારો પણ ઉમેરાતા જાય છે. તંત્રએ સઘન સર્વેલન્સ અને સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ ફરજીયાત માસ્કના નિયમોની અમલવારી માટે તાકીદ કરી છે.

હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું પણ મોનીટરીંગ અસરકારક રીતે કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. તાલુકામાં કોરના હજુ પણ બેફામ જ છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તાર રૂપાલમાંથી આજે વધુ ૫ કેસ, સરઢવ, વાસણામાંથી ૩-૩ કેસ, લેકાવાડા, ટીંટોડા, સોનીપુર, ઉવારસદ, ઈસનપુર મોટામાંથી ૨-૨ કેસ તેમજ દશેલા, દોલારાણા વાસણા, સાદરા, વાંકાનેરડા, છાલા, આલમપુર, મગોડી, મેદરા, રાયપુર, સોનારડા ગામેથી પણ કેસો મળી આવેલ છે.

કલોલ તાલુકામાં આજે કોરોનાએ તેનુ રૌદ્ર સ્વરૂપ બતાવ્યુ છે. કલોલ તાલુકામાં આજે એક જ દિવસમાં સમગ્ર જિલ્લામાં વિક્રમ કહી શકાય તેટલા ૭૦ કેસ મળી આવતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. તાલુકામાં આજે રાજ્યના મુખ્યમંત્રીથી લઈ ઉચ્ચ અધિકારીઓની હાજરી હતી.

કલોલ શહેરમાં આજે ૨૧ કેસ મળી આવ્યા છે. જેમાં અર્બન-૧ વિસ્તારમાં ૮ અને અર્બન-૨ વિસ્તારમાંથી ૧૩ કેસ મળી આવ્યા છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં મોટીભોંયણ ગામેથી ૧૦, ખોલા ગામેથી ૫, બોરીસણા, જાસપુર, કરોલી, સઈજમાંથી ૪-૪ કેસ, વડસર, છત્રાલમાંથી ૩-૩ કેસ, ધાનોટ, ભીમાસણ, આરસોડિયામાંથી ૨-૨ કેસ તેમજ ધાનજ, સબાશપુર, હાજીપુર, ખાત્રજ, પાનસર, ધમાસણામાંથી પણ કેસો મળી આવ્યા છે.

આજે એક જ દિવસમાં ૭૦ જેટલા કેસ નોંધાતા તંત્રની ટીમો આજે સતત દોડતી જોવા મળી હતી. કલોલમાં કોરોનાના રૌદ્ર સ્વરૂપને જોઈ તંત્ર પણ ચિંતામાં ગરકાવ થઈ જવા પામ્યુ છે.

માણસામાં આજે વધુ ૩૭ કેસ મળી આવ્યા છે. માણસા અર્બનમાંથી આજે એક ૧૧ માસની બાળકી સંક્રમિત થયેલી મળી આવતાં તંત્ર હચમચી ઉઠ્યુ છે. માણસા તાલુકામાં નાના ફુલ વધુ સંક્રમિત થતા જોવા મળી રહ્યા હોવાથી વાલીઓમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

માણસા અર્બનમાંથી આજે ૧૦ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તાર પુંધરામાંથી ૬, લોદરામાંથી ૫, આજોલમાંથી ૩, બિલોદરા, વિહાર, સોજા, ભીમપુરામાંથી ૨-૨ કેસ મળી આવવા ઉપરાંત ઈટાદરા, માણેકપુર, વરસોડા, વેડા અને વ્યાસ પાલડી ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૯૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭૫૦ થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આવા દર્દીઓનું સઘન મોનીટરીંગ કરવાની સૂચનાઓ આપી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૯૯ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજે ૮૯૫૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. સારવાર દરમ્યાન ગ્રામ્ય વિસ્તારના ૧ દર્દીનું મોત થયાનું રાજ્ય સરકારે તેની યાદીમાં જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૧૨૪ કેસ નોંધાયા છે. શહેરમાં છેલ્લા ૩ દિવસથી કેસોમાં ઘટાડો થવાનો ટ્રેન્ડ ચાલુ થયો છે જેને લઈ તંત્રએ થોડોક રાહતનો શ્વાસ જરૂર લીધો છે. શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાં આજે ૯૦ કેસ કોરોનાના મળી આવ્યા છે જ્યારે શહેરમાં સમાવિષ્ટ અન્ય વિસ્તારોમાંથી ૩૪ કેસ મળી આવ્યા છે. શહેરમાં હોટસ્પોટ કોરોનાને લઈ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે સે. ૨૯ માંથી ૯, સે. ૨ માંથી ૮, સે. ૩ માંથી ૭, સે. ૫, ૧૭ અને ૩૦ માંથી ૬-૬, સે. ૮ અને સે. ૨૪ માંથી ૫, સે. ૧૩, ૧૯, ૨૧, ૨૭ માંથી ૪-૪, સે. ૪, ૭, ૨૨, ૨૩ માંથી ૩-૩, સે. ૧, ૧૪, ૨૮, ૩-એ-ન્યુ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૧૫ અને ૨૬ માંથી પણ કેસ મળી આવ્યા છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં કુડાસણમાંથી ૬, રાયસણ, સરગાસણ, સુઘડમાંથી ૪-૪, રાંદેસણ, ભાટમાંથી ૩-૩, બોરીજ-વાવોલમાંથી ૨-૨, તેમજ ઝુંડાલ, ખોરજ, પાલજ, રાંધેજા, અમીયાપુર અને કોલવડામાંથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ બાળકોની ઉંમર ૧૦ થી પણ ઓછી છે. આજે ૧૩ બાળકો અને ૫૩ મહિલાઓ સંક્રમિતોની યાદીમાં છે. જે રીતે બાળકો અને મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે પણ ૧૬૦૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

## મ્યુરોમાઈક્રોસીસના પ્રથમ દર્દીને સિવિલમાં દાખલ કરવામાં આવ્યુ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બીજા માળે મ્યુરોમાઈક્રોસીસ માટેનો વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. આજે પ્રથમ દિવસે જ એક મહિલા દર્દીને શંકાસ્પદ મ્યુરોમાઈક્રોસીસના લક્ષણો જણાતાં તેણીનીને દાખલ કરવામાં આવી છે. તબીબો દ્વારા હાલ તેના રિપોટ્ર્સ અને દવાઓ અંગેની ચકાસણી ચાલી રહી છે. આ મહિલા દર્દીને આંખમાં તકલીફ થઈ હોવાનું જાણવા મળેલ છે. મ્યુરોમાઈક્રોસીસના ગાંધીનગરમાં કેસો દેખાતા તબીબી જગતમાં સન્નાટો છવાયાના અહેવાલોની શાહી હજુ સુકાઈ નથી. દરમ્યાન આજે રાજ્ય સરકારની કોર કમિટીની બેઠકમાં પણ મ્યુરોમાઈક્રોસીસના કેસોને લઈ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી એટલુ જ નહિ આ માટેની દવાઓની ખરીદી કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

## શિવાનંદ આશ્રમના અધ્યક્ષ યોગાચાર્ય સ્વામી આધ્યાત્મનંદજી અનંતની યાત્રાએ

**યોગ અને ભગવતગીતાના પ્રવચન થકી દેશ દુનિયામાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત કરી હતી : અમદાવાદ સ્થિત શિવાનંદ આશ્રમના અધ્યક્ષ સ્વામી આધ્યાત્મનંદજી માટે હીમાલયવાસી ગુરુ ચિદાનંદજીએ કહ્યુ હતુ કે આદ્યાત્મનંદજી ભારત વર્ષના તેજસ્વી પુત્ર છે.**

ગાંધીનગર તા ૮

ભારત વર્ષના તેજસ્વી પુત્રમાં જેમની ગણના થાય છે તેવા સ્વામી આધ્યાત્મનંદજીએ આજે દેહ ત્યાગ કર્યો હતો. યોગાચાર્ય તરીકે જાણીતા સ્વામી આધ્યાત્મનંદજીના અમદાવાદ સ્થિત શિવાનંદ આશ્રમમાં યોગ અને ભગવત ગીતાના જ્ઞાનની ગંગોત્રી વહેતી હતી. સંસ્કૃત ભાષા પ્રત્યે અનહદ પ્રેમ ધરાવતા સ્વામી અધ્યાત્મનંદજીએ સત્સંગ અને યોગની સાત્વિક પ્રવૃતિ થકી અનેકના અંતઃકરણમાં ઉજાસ પાથરવાનુ ઉમદા કામ કર્યુ છે. સમાજમાં આધ્યાત્મિક ચેતના જાગૃત કરવામાં સ્વામી આધ્યાત્મનંદજીનુ ઉમદા યોગદાન રહ્યુ છે. તેમની વિદાયથી ભાવિકોમાં દુખની લાગણી વ્યાપી છે.



અમદાવાદ સ્થિત શિવાનંદ આશ્રમના અધ્યક્ષ તરીકે સેવા આપતા સ્વામી આધ્યાત્માનંદજી યોગાચાર્ય તરીકે જાણીતા હતા. તેમના ગુરુ સ્વામી ચિદાનંદજીએ એક સમયે કહ્યુ હતુ કે આધ્યાત્મનંદજી ભારત વર્ષના તેજસ્વી પુત્ર છે. યોગ અને ભગવત ગીતાના પ્રવચન થકી તેમણે સમગ્ર દેશ દુનિયામાં આધ્યાત્મિક ચેતના જાગૃત કરવાનુ ઉમદા કામ કર્યુ છે. શિવાનંદ આશ્રમમાં પણ સત્સંગ અને યોગ પ્રવૃતિનો વ્યાપ વધારીને અનેકના જીવનમાં આધ્યાત્મિક કેડી કંડારીને ઉજાસ પાથરવાનુ કામ ભાવિકો સદાય યાદ રાખશે. તેમના આશ્રમમાં અષ્ટલક્ષ્મી માતાનુ મંદિર પણ નિર્માણ કરાયુ હતુ જયારે ભાવિકો મોટી સંખ્યામાં અહીં દર્શનનો લાભ લઈ રહ્યા છે. આશ્રમમાં દેશ દુનિયાના વેદ વેદાંતના તજજ્ઞો સાથે આધ્યાત્મનંદજી નો રસપ્રદ સત્સંગ પણ વારંવાર થતો હતો. જયારે છેલ્લા ત્રણ વર્ષથી તેમના આશ્રમમાં વાર્ષિક ઉત્સવની પ્રવચન શ્રેણીમાં પણ તેમના શિષ્યો તેમજ ભાવિકો મોટી સંખ્યામાં ભાગ લેતા હતા. નિવૃત આઈ એ એસ અને જાણીતા સાહીત્યકાર કવિ ભાગ્યેશ જહાં પણ આ પ્રવચન શ્રેણીમાં અવારનવાર તેમનુ વકતવ્ય આપી ચુકયા છે. સંસ્કૃત ભાષા પ્રત્યે વિશેષ પ્રેમ ધરાવતા સ્વામી આધ્યાત્મનંદજી નમો નારાયણ મંત્રના જપનુ રટણ કરી નારાયણધામમાં વિદાય લઈ ચુકયા છે. ત્યારે આશ્રમના સત્સંગ અને યોગ તેમજ ગીતાજીના પ્રવચનના આધ્યાત્મિક સંસ્મરણો શિષ્યોના માનસપટ પર કાયમ જીવંત રહેશે તેવી લાગણી પણ ભાવિકોએ વ્યકત કરી છે.

## ગાંધીનગરના આરસોડિયા ગામ કોવિડ કોમ્યુનિટી સેન્ટરની મુલાકાત લેતાં મુખ્યમંત્રી રૂપાણી

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીએ રાજ્યના ગામોને કોરોના મુક્ત રાખવા અને કોરોનાની આ બીજી લ્હેર પર જનશકિતના સહયોગ અને રાજ્ય સરકારની આરોગ્ય સેવાઓના વ્યાપ દ્વારા કોરોનાને પરાસ્ત કરવા જે જોઈશે તે કરીને, સુવિધા નહિ હોય તો ઊભી કરીને પણ કોરોના સામેનો આ જંગ જીતવાનો પ્રબળ આત્મવિશ્વાસગાંધીનગરના કલોલ તાલુકાના આરસોડિયા ગામ ખાતે મારું ગામ કોરોના મુક્ત ગામ અભિયાન અંતર્ગત નિર્માણ કરવામાં આવેલા કોવિડ કોમ્યુનિટી સેન્ટરની મુલાકાત દરમ્યાન વ્યક્ત કર્યો હતો

મુખ્યમંત્રીએ કોમન મેન સી.એમ. તરીકે ગ્રામજનો સાથે ગામના ચોરામાં બેસીને કોરોના પ્રોટોકોલ નિયમોના પાલન સાથે સહજ સંવાદ કર્યો હતો અને આરસોડિયા ગામની વિગતો જાણી હતી.

કોરોનાની પ્રથમ લહેર માં ગામડાઓએ પ્રવેશ બંધી નાકાબંધી જેવા ઉપાયો થી ગામોમાં કોરોના પ્રવેશવા દીધો નહોતો. આ વખતે પણ ગામના દરેક ઘરનું સરવેલન્સ થાય સામાન્ય તાવ શરદી ખાંસી જેવા લક્ષણો ધરાવનારા લોકોના ટેસ્ટ થાય અને પોઝિટિવ લોકોને ગામના જ કોમ્યુનિટી કોવીડ કેર સેન્ટરમાં આઈસોલેટ કરી કોરોના ગામમાં વધતો અટકાવી શકાય તે માટે મુખ્યમંત્રીએ ગામના અગ્રણીઓ યુવાઓને સૂચનો કર્યા હતા.

તેમણે સ્પષ્ટ પણે કહ્યું કે, કોરોના સામે બચાવનું અમોઘ શસ્ત્ર વેક્સિન જ છે ત્યારે તમામ ગ્રામજનો વેક્સિન લઈલે અને પોતાને સુરક્ષિત રાખે. મુખ્ય મંત્રીશ્રીએ કોરોના ને ગામમાં જ અટકાવી દેવાના નિર્ધાર સાથે ગ્રામજનો અને અગ્રણીઓને ગામના કોઈ પણ વ્યક્તિને શરદી, તાવ અને ઉધરસની અસર હોય તો કોરોના ટેસ્ટ કરાવી લેવા અપીલ કરી હતી. તેમજ આવા વ્યકિત જો પોઝિટિવ હોય તો ઘરના કે પરિવારના અન્ય સભ્યને સંક્રમિત ન કરે તે માટે તેમને કોવિડ કોમ્યુનિટી સેન્ટરમાં રાખવાથી થતાં ફાયદાઓની વાત પણ દષ્ટાંતપૂર્વક સમજાવી હતી. ગામની પાણી સમિતિના ચેરમેન ભીખાભાઈએ જણાવ્યું હતું કે, કોરોના મુક્ત ગામ બનાવવા માટે ગામના સર્વે ગ્રામજનો સંગઠિત થઈને કામ કર્યુ છે. ગામની સેવા સહકારી સંસ્થાના ચેરમેન રમેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, જે ગ્રામજનોને આ કોમ્યુનિટી કેર સેન્ટરમાં રાખવામાં આવ્યા છે તેમની જમવાની વગેરે સુવિધા ગ્રામજનો ની સમિતિ સાથે મળીને કરી રહી છે.





મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગ્રામજનો સાથે ચોરામાં સંવાદ કર્યા બાદ સેન્ટરની રૂબરૂ મુલાકાત કરી હતી. કરીને સેન્ટરની સુવિધાઓ નીવિગતો મેળવી હતી.

આ પ્રસંગે ગ્રામ વિકાસ કમિશનર શ્રી વિજય નહેરાએ જણાવ્યું હતુ કે, કોરોનાની પડકાર જનક પરિસ્થિતિમાં મહાનગરોમાં કોરોના કેસ ઘટી રહ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૯૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

## ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પિતાજીનું દુઃખદ અવસાન



ગાંધીનગર, તા. ૮

કલોલ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પિતાજી ચંદુજી રામાજી ઠાકોરનું દુઃખદ અવસાન થયુ છે. ઠાકોર સમાજના અગ્રણી સ્વ. ચંદુજી ઠાકોર તેમની નિખાલસતા અને શિક્ષણ પ્રેમી તરીકેની આગવી ઓળખ ધરાવતા હતા. તેમના દુઃખદ અવસાનના સમાચારથી ઠાકોર સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com